1 ભારતનો વારસો





- વૈવિધ્ય સભર વારસો
- ભારતીય સંસ્કૃતિનો વારસો
- ભારતનો પ્રાકૃતિક વારસો
- ભારતનો સાંસ્કૃતિક વારસો
- ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
- ગુજરાતના મેળાઓ
- ભારત ભૂમિ અને તેના લોકો
- વારસાનું જતન અને સંરક્ષણ

1. ભારતની વિશેષતાઓ જણાવો. સંસ્કૃતિના સંદર્ભમાં ભારતનો પરિચય આપો.

- ભારતના પ્રાચીન ગ્રંથ 'વિષ્ણુપુરાણ'માં ભારત માટે 'ભારતવર્ષ' નામનો ઉલ્લેખ છે.
- ભારતમાં શુભ કાર્યોની શરૂઆતમાં લેવાતા સંકલ્પોમાં 'ભારતવર્ષ', 'ભરતખંડ', 'જંબુદ્વીપ', 'આર્યવર્ત' વગેરે શબ્દોનો ઉપયોગ થાય છે.
- ભારત ઉત્તરે હિમાલય અને પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ દિશાઓમાં સમુદ્ર જેવી કુદરતી સીમાઓ ધરાવે છે.
- વિશ્વમાં ભારત વિસ્તારની દૃષ્ટિએ **સાતમું** અને વસ્તીની દૃષ્ટિએ **બીજું** સ્થાન ધરાવે છે.
- ભારતે આપણને અને વિશ્વની પ્રજાને સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો આપ્યો છે.



2. એક પેઢીમાંથી બીજી પેઢીમાં આપણા વારસાનું હસ્તાંતરણ થયું. કારણ આપો.

- પ્રાચીન સમયથી ભારત એક વિશાળ અને સમૃદ્ધ દેશ છે.
- આપણા દેશની સમૃદ્ધીથી આકર્ષાઇને અનેક વિદેશી પ્રજાઓ વ્યાપાર કરવા આવી, સ્થાયી થઇ અને ભારતીય સંસ્કૃતિના મહાનદમાં ભળી ગઇ.
- આ આદાન-પ્રદાનની પ્રક્રિયા દ્વારા દેશમાં અનેક પરિવર્તનો જોવા મળ્યા છે.
- આમ, એક પેઢીમાંથી બીજી પેઢીમાં આપણા વારસાનું હસ્તાંતરણ થયું અને તેનો સાતત્યપૂર્ણ વિકાસ થયો.

3. સંસ્કૃતિનો અર્થ આપી વિગતે સમજાવો. સંસ્કૃતિ એટલે શું ? સમજાવો.

- 'સંસ્કૃતિ એટલે જીવન જીવવાની રીત'.
- 'સંસ્કૃતિ એટલે માનવમનનું ખેડાણ'.
- સંસ્કૃતિ એટલે 'ગુફાથી ઘર' સુધીની માનવજાતની વિકાસયાત્રા.
- સંસ્કૃતિમાં કોઈપણ પ્રજા સમૂહની આગવી જીવનશૈલી (The Way of Life)નો સમાવેશ થાય છે.
- સંસ્કૃતિ એટલે માનવસમાજની ટેવો, મૂલ્યો, આચાર-વિચાર, ધાર્મિક પરંપરાઓ, રહેણી કરણી અને જીવનને ઉચ્ચતમ ધ્યેય તરફ લઇ જતા આદર્શોનો સરવાળો.
- દેશ કે સમાજમાં સમય અને સંજોગો મુજબ લોકજીવનમાં આવતાં પરિવર્તનો, સુધારા, સામાજિક નીતિ અને રીતિ વગેરે વડે જુદા જુદા સમાજની સંસ્કૃતિનું ઘડતર થાય છે.











4. સંસ્કૃતિ માનવીને 'જીવન જીવવાની રીત' (The Way of Life) શીખવે છે એમ શાથી કહી શકાય ?

- વ્યક્તિનાં આહાર, પોશાક, રહેઠાણ, કૌટુંબિક જીવન અને તેની અભિવ્યક્તિની રીતો, મનોરંજન મેળવવાની રીતો, બોલવા-ચાલવાની ઢબ, અર્થોપાર્જનની રીતો વગેરે 'સંસ્કૃતિ' નક્કી કરે છે. તેથી એમ કહી શકાય કે, સંસ્કૃતિ માનવીને 'જીવન જીવવાની રીત' (The Way of Life) શીખવે છે.

5. ભારતના વૈવિધ્યસભર વારસાનો પરિચય આપો. ભારતની સંસ્કૃતિનો પરિચય આપો.

- ભારતે દેશના લોકોને તેમજ વિશ્વને વૈવિધ્યપૂર્ણ, સમૃદ્ધ અને ભવ્ય વારસો આપ્યો છે.
- ભારતની સંસ્કૃતિ શાંતિપ્રધાન અને સહિષ્ણુતાવાદી સંસ્કૃતિ રહી છે.
- ભારતની સંસ્કૃતિ 'सत्', 'चित्' અને 'आनन्द' ની અનુભૂતિ કરવાનું સામર્થ્ય ધરાવે છે.
- ભારતના ભાતીગળ વારસા અને સમૃદ્ધિથી આકર્ષાઇને અનેક વિદેશી પ્રજા ભારતમાં આવીને વસી છે. એ બધી પ્રજાની ભિન્ન ભિન્ન સંસ્કૃતિ સાથેના આદાન-પ્રદાન થકી ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ બની છે.
- ભારતની સંસ્કૃતિનાં અહિંસા અને વિશ્વશાંતિના મૂલ્યો આજે વિશ્વભરમાં પ્રશંસા પામ્યાં છે. જગતના દેશોએ એ મૂલ્યો સ્વીકાર્યા છે.
- સિંધુખીણની સંસ્કૃતિના સર્જકોથી શરૂ કરીને આજ દિન સુધીના લોકોએ ભારતને પોતાનાં આવડત, બુદ્ધિ, શક્તિ અને કલાકૌશલ દ્વારા ભારતના વારસા અને સંસ્કૃતિને સમૃદ્ધ બનાવ્યાં છે.
- અનેક ઋષિમુનિઓ, વિદ્વાનો, વિદુષીઓ, સંતો, ચિંતકો, વૈજ્ઞાનિકો, સંશોધકો, સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ, રાજનીતિજ્ઞો, ઇતિહાસકારો, સમાજસુધારકો, કલાકારો, કારીગરો વગેરેએ ભારતના ભવ્ય વારસાના નિર્માણમાં તેમજ ભારતનો સમૃદ્ધ દેહપિંડ ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે.
- ભારતમાં આવેલી અનેક વિદેશી પ્રજાનાં ધર્મ, શાસન-વ્યવસ્થા, રીત-રિવાજો, પરંપરાઓ, ભાષા, લિપી, બોલી, કલા, ચિત્રકલા, પોશાક વગેરે ભારતને મળ્યાં તેનાથી ભારતની ભાતીગળ સંસ્કૃતિનું નિર્માણ થયું.









ભારતના ભવ્ય વારસાના નિર્માણમાં કોણે કોણે મહત્વનો ભાગ ભજવ્યો છે ?



6. 'વારસો' એટલે શું ? ભારતના ભવ્ય વારસાના મુખ્ય બે પ્રકાર જણાવો.

- 'સંસ્કૃતિ'ની અનેકવિધ બાબતો એક પેઢી (Generation) પોતાની અનુગામી પેઢીને આપે છે. એ પેઢી પોતે શીખેલ કે મેળવેલ બાબતો તેમાં ઉમેરે છે અને વળી, એ પેઢી પોતાની અનુગામી પેઢીને બધું શીખવે છે અને આપે છે. આમ, પેઢી-દર-પેઢી જે કાંઇ આપણને મળે છે તેને 'વારસો' (Heritage) કહે છે.

ભારતના ભવ્ય વારસાના મુખ્ય બે પ્રકાર

- પ્રાકૃતિક વારસો
- સાંસ્કૃતિક વારસો

7. પ્રાકૃતિક વારસાનો અર્થ સમજાવી, ભારતના પ્રાકૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો જણાવો.

પ્રાકૃતિક વારસાનો અર્થ

- પ્રાકૃતિક વારસો એટલે **'પ્રકૃતિ, પર્યાવરણ અને માનવજીવનની વચ્ચેના અત્યંત નજીકના સંબંધોનું પરિણામ.'** પ્રાકૃતિક વારસો એ કુદરતી ભેટ છે.

પ્રાકૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો






- ભારતનો પ્રાકૃતિક વારસો વિશિષ્ટ અને વૈવિધ્યતાથી ભરેલો છે.
- **ભારતના પ્રાકૃતિક વારસામાં ઊંચા પર્વતો, જંગલો, ઝરણાં, નદીઓ, રણો, સાગરો, વિશાળ ફળદ્રુપ મેદાનો, ખીણપ્રદેશો, ઋતુઓ, તરુઓ, વેલા-વેલીઓ, પર્ણો-પુષ્પો, જીવજંતુઓ** વગેરે પ્રાકૃતિક વિશિષ્ટતાઓનો સમાવેશ થાય છે.
- ભારતના ભૂમિદશ્યોમાં વિવિધ પ્રકારના ખડકો, શિલાઓ, ખનીજો, વનસ્પતિ વગેરેનો સમાવેશ થાય છે.
- **પ્રકૃતિએ આપણા ખોરાક, પાણી, શુદ્ધ વાયુ તેમજ નિવાસસ્થાન જેવી જરૂરિયાતો પૂરી પાડી** છે.
- ભારતના પ્રાકૃતિક વારસામાં પંચતંત્રની વાર્તાઓ અને બૌદ્ધ ધર્મની જાતક કથાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.
- આપણાં **શાસ્ત્રીય સંગીત અને લોકસંગીતને પ્રકૃતિ તથા ઋતુઓ સાથે જોડવામાં આવ્યાં** છે.
- આપણાં ગીતો, કાવ્યો, તહેવારો, ચિત્રો વગેરેની વિષયવસ્તુ તરીકે મુખ્યત્વે પ્રકૃતિ અને ઋતુઓ રહેલી છે.
- આપણી **આયુર્વેદિક, યુનાની અને નિસર્ગોપચાર જેવી ચિકિત્સા-પદ્ધતિઓ સંપૂર્ણપણે પ્રકૃતિ પર આધારિત** છે.







8. ભારતના ભૂમિદશ્યો વિશે માહિતી આપો.



- ભૂમિ આકારો દ્વારા અનેક ભૂમિદશ્યોનું સર્જન થાય છે.
- દા.ત., હિમાલય પર્વત એ ભૂમિ આકાર છે.
- હિમાલયમાં અનેક પ્રકારની વનસ્પતિ, ખનિજો, અવનવાં પશુ-પક્ષીઓ અને શિખરો બરફથી છવાયેલાં રહે છે.
- હિમાલયમાંથી નીકળતી નદીઓ બારેમાસ ભરપૂર પાણીથી સમૃદ્ધ રહે છે.
- હિમાલયમાં તરાઈના જંગલો આવેલાં છે.
- હિમાલયમાં અમરનાથ, બદ્રિનાથ, કેદારનાથ જેવાં યાત્રાના સ્થળો તથા નંદાદેવી જેવા શિખરો આવેલા છે.

કારણ આપો... ભારત માટે હિમાલયનું મહત્વ ઘણું છે.

9. પ્રાકૃતિક વારસાના અંગ તરીકે નદીઓનો પરિચય આપો. ભારતની નદીઓ અતિપ્રાચીન કાળથી આજ દિન સુધી પવિત્ર 'લોકમાતાઓ' રહી છે.

- અતિ પ્રાચીન સમયથી ભારતમાં નદીઓ 'લોકમાતા' તરીકે પુજાય છે.
- ભારતની સંસ્કૃતિનો ઉદય અને વિકાસ સિંધુ અને રાવી નદીઓના કિનારે જ થયો હતો.
- સિંધુ, ગંગા, યમુના, કાવેરી, નર્મદા, ગોદાવરી, સરસ્વતી વગેરે નદીઓએ ભારતના લોકજીવનને સમૃદ્ધ બનાવ્યું છે.
- પ્રાચીન સમયથી જ લોકોએ પીવા, વપરાશ, સિંચાઇ, વીજળી, ખેતી, જળમાર્ગ જેવી આપણી મહત્વની જરૂરિયાતો માટે નદીઓનાં પાણીનો ઉપયોગ કર્યો છે.
- આપણી સંસ્કૃતિના સર્જકોએ નદીકિનારાની માટીમાંથી વાસણો, લીંપણ, મકાનો અને રમકડાં બનાવ્યાં હતા.
- નદીકિનારે જોવા મળતાં ઉષા અને સંધ્યાનાં વિવિધ ભૂમિદશ્યોએ માનવીમાં સૌંદર્ય-સૂઝ, કલા-સૂઝ અને કૌશલ્ય વિકસાવીને ભારતીય પ્રજાજીવનને સુંદર બનાવ્યું છે.




10. પ્રાકૃતિક વારસાના અંગ તરીકે વનસ્પતિજીવનનો પરિચય આપો.

- અતિપ્રાચીન યુગથી ભારતની પ્રજા પ્રકૃતિપ્રેમી અને પર્યાવરણપ્રેમી રહી છે. તે વૃક્ષો, છોડવાઓ અને પુષ્પો પ્રત્યે ખૂબ આદર ધરાવે છે.
- મનુષ્ય, પ્રાણી અને પશુ-પક્ષીનો આહાર એ વનસ્પતિ પર આધારિત છે.
- આપણા દેશમાં વર્ષોથી વડ, પીપળો, લીમડો, તુલસી વગેરેને પવિત્ર માનીને પૂજવામાં આવે છે. વડસાવિત્રી વ્રતમાં વડની પૂજા કરવામાં આવે છે.
- અનાજ, કઠોળ, તેલિબિયાંના છોડ, ધન-ધાન્યથી લહેરાતાં ખેતરો, ઔષધિઓના છોડ વગેરેએ માનવજીવનને સમૃદ્ધ બનાવ્યું છે.
- આમળાં, બહેડાં, કુંવારપાંઠું, અરડૂસી, લીમડો વગેરે ઔષધીઓએ માનવજીવનને નિરોગી અને સમૃદ્ધ બનાવ્યું છે.
- મોગરો, ગુલાબ, કમળ, ડમરો, સૂરજમુખી, નિશીગંધા, જૂઇ વગેરે જેવા પુષ્પોએ માનવજીવનને સુંદર અને સુવાસિત બનાવ્યું છે.













11. પ્રાકૃતિક વારસાના અંગ તરીકે વન્ય જીવનનો પરિચય આપો.



- સદીઓથી ભારતની પ્રજા પ્રાણીપ્રેમી છે.
- હાથી, ગેંડો, ચિત્તો, વાઘ, વરુ, રીંછ, સિંહ, હરણ, સાબર, રોઝ, શિયાળ, સસલાં, અજગર, સાપ, નાગ, નોળિયા, ઘો, શાહુડી જેવા અનેક જીવો જોવા મળે છે.
- વિશ્વમાં એશિયાઇ સિંહો માત્ર ગુજરાતનાં ગીરના જંગલમાં જોવા મળે છે.
- લોકોએ વાઘ, મોર, મગર, ગરુડ વગેરે વન્ય જીવોને દેવ-દેવીઓના વાહન તરીકે સ્થાન આપ્યું છે.
- ભારતનાં બંધારણે આપણી રાષ્ટ્રમુદ્રામાં ચાર સિંહો, ઘોડો અને બળદની આકૃતિને સ્થાન આપીને વન્ય જીવોનું ગૌરવ કર્યુ છે.
- વન્યજીવોની રક્ષા માટે અભયારણ્યો બનાવી તેમના જીવનની સુરક્ષા માટે કાયદા પણ ઘડેલ છે.


12. સાંસ્કૃતિક વારસાનો અર્થ સમજાવો. ભારતના સાંસ્કૃતિક વારસામાં સમાવેશ થતી બાબતો જણાવો.





- સાંસ્કૃતિક વારસો એટલે માનવસર્જિત વારસો. માનવીએ પોતાની બુદ્ધિશક્તિ, જ્ઞાન, આવડત અને કલા-કૌશલ્ય વડે જે કાંઇ સર્જ્યુ કે મેળવ્યું છે તે 'સાંસ્કૃતિક વારસો' કહેવાય છે.
- આપણા સાંસ્કૃતિક વારસામાં મંદિરો, શિલાલેખો, સ્તૂપો, વિહારો, ચૈત્યો, મકબરા, મસ્જિદો, કિલ્લાઓ, ગુંબજો, રાજમહેલો, દરવાજા, ઇમારતો, ઉત્ખનન કરેલા સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકોનો સમાવેશ કરી શકાય.
- આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઐતિહાસિક સ્થળો જેવાં કે સાબરમતી આશ્રમ, દાંડી, બારડોલી, વર્ધા, શાંતિનિકેતન (કોલકતા), દિલ્લી વગેરે પણ સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખી શકાય.
- આ ઉપરાંત ભાષા, લિપિ, અંકો, શૂન્યની શોધ, ગણિત, પંચાંગ, ખગોળ, ધાતુ, ધર્મ, સાહિત્ય, યુદ્ધશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ન્યાયતંત્ર વગેરેની મહત્વની શોધોનો પણ સાંસ્કૃતિક વારસામાં સમાવેશ થાય છે.
- પ્રાગ્ ઐતિહાસિક યુગથી ભારતની પ્રજાએ સાંસ્કૃતિક વારસાની અનેક બાબતો વિશ્વની પ્રજાને આપી છે.

  દા.ત. શિલ્પો કંડારવાની કળા લગભગ 5000 વર્ષ જૂની છે.





- સીંધુ ખીણ સંસ્કૃતિના અવશેષોમાંથી મળી આવેલ નર્તકી, દેવ-દેવીઓનાં, પશુઓનાં અને માનવ-આકૃતિના શિલ્પો, બાળકોને રમવાનાં કેટલાંક રમકડાં, દાઢીવાળા પુરૂષનું શિલ્પ વગેરે આપણા પ્રાચીનતમ સાંસ્કૃતિક વારસાનું ગૌરવ છે.






- મૌર્યયુગનાં શિલ્પોમાં ઊંધા કમળની આકૃતિ ઉપર વૃષભ કે સિંહનું શિલ્પ, ગૌતમ બુદ્ધનું પ્રજ્ઞાપારમિતાનું શિલ્પ, સારનાથની ધર્મચક્ર-પ્રવર્તનવાળી ગૌતમ બુદ્ધની પ્રતિમા તેમજ ગુપ્તયુગની જૈન તીર્થંકરોની પ્રતિમાઓ અને રાષ્ટ્રકૂટ રાજાઓના સમયની ઇલોરાની ગુફાઓનાં શિલ્પો આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાની સમૃદ્ધિનાં દર્શન કરાવે છે.




13. 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો' સવિસ્તર સમજાવો.


1. ગુજરાતમાં સાંસ્કૃતિક, પૌરાણીક અને પુરાતત્વીય સ્થળો



- લોથલ (ધોળકા તાલુકો), રંગપુર (લીમડી તાલુકો, સુરેન્દ્રનગર જિલ્લો), ધોળાવીરા (કચ્છ જિલ્લો), રોઝડી અથવા શ્રીનાથગઢ (રાજકોટ જિલ્લો) વગેરે મુખ્ય છે.

2. ઐતિહાસિક સ્થળો





- વડનગરનું પ્રખ્યાત કીર્તિતોરણ, જૂનાગઢમાં આવેલો સમ્રાટ અશોકનો શિલાલેખ, મોઢેરાનું પ્રખ્યાત સૂર્યમંદિર, ચાંપાનેરનો કિલ્લો તથા દરવાજો, સિદ્ધપુરનો રુદ્રમહાલય, વિરમગામનું મુનસર તળાવ; અમદાવાદની જામા મસ્જિદ, ઝૂલતા મિનારા, સીદી સૈયદની જાળી, હઠીસીંગના જૈન દેરાં, સરખેજનો રોજો, રાણી સિપ્રીની મસ્જિદ, નગીના વાડી વગેરે, પાટણનું સહસ્ત્રલિંગ તળાવ અને રાણકી વાવ, વડોદરાનો રાજમહેલ, જૂનાગઢનો મહોબતખાનનો મકબરો, નવસારીની પારસી અગિયારી વગેરે ગુજરાતનાં ઐતિહાસિક મહત્વ ધરાવતાં સ્થળો છે.

3. ધાર્મિક સ્થળો




- દ્વારકામાં દ્વારકાધીશનું મંદિર અને જગદ્ગુરુ શંકરાચાર્યની શારદાપીઠ, 12 જ્યોતિર્લિંગો પૈકીનું એક સોમનાથ મંદિર, ઉત્તર ગુજરાતમાં અંબાજી (બનાસકાંઠા જિલ્લો), બહુચરાજી (મહેસાણા જિલ્લો), મહાકાલીનું મંદિર (પાવાગઢ-પંચમહાલ જિલ્લો), મીરા દાતાર (ઉનાવા - પાટણ જિલ્લો), જૈનતીર્થ પાલિતાણા (ભાવનગર જિલ્લો), રણછોડરાયજીનું મંદિર (ડાકોર, ખેડા જિલ્લો), શામળાજી (અરવલ્લી જિલ્લો) વગેરે ગુજરાતનાં ધાર્મિક મહત્વ ધરાવતાં તીર્થસ્થાનો છે.

4. સાંસ્કૃતિક મહોત્સવો



- પોળો (વિજયનગર - સાબરકાંઠા), પતંગોત્સવ અને કાંકરિયા કાર્નિવલ (અમદાવાદ), તાના-રીરી મહોત્સવ (વડનગર), ઉતરાર્ધ - નૃત્ય મહોત્સવ (મોઢેરા), રણોત્સવ (કચ્છ) વગેરે ગુજરાતનાં જાણીતા સાંસ્કૃતિક પ્રવાસન સ્થળો છે.

5. મેળાઓ




- મેળાઓમાં મોઢેરાનો મેળો (મોઢેરા - મહેસાણા જિલ્લો), ભાદરવી પૂનમનો મેળો (અંબાજી - બનાસકાંઠા જિલ્લો), ભવનાથનો મેળો (ગિરનાર - જૂનાગઢ જિલ્લો), તરણેતરનો મેળો (તરણેતર - સુરેન્દ્રનગર જિલ્લો) અને વૌઠાનો મેળો (ધોળકા - અમદાવાદ જિલ્લો) મુખ્ય છે.

6. બૌદ્ધ અને જૈન ધર્મની ગુફાઓ



- ગુજરાતમાં વડનગર, તારંગા, ખંભાલીડા, જૂનાગઢ, શામળાજી, કોટેશ્વર, તળાજા, ઢાંક, ઝઘડીયા વગેરે સ્થળોએ બૌદ્ધ અને જૈન ધર્મની ગુફાઓ આવેલી છે.










14. ગુજરાતના મુખ્ય મેળાઓની વિગત જણાવો.

- ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિમાં વિવિધ સ્થળોએ પરંપરાગત રીતે ધાર્મિક, સામાજિક મહત્વ ધરાવતા મેળાઓ યોજાય છે. જે પૈકી મુખ્ય મેળાઓની વિગત નીચે પ્રમાણે છે :

મોઢેરાનો મેળો



મોઢેરા (મહેસાણા)
શ્રાવણ વદ અમાસ

બહુચરાજીનો મેળો



બહુચરાજી (પાટણ)
ચૈત્ર સુદ પૂનમ

કાળિયા ઠાકોરનો મેળો



શામળાજી (અરવલ્લી)
કારતક સુદ 11 થી અમાસ

ભાદરવી પૂનમનો મેળો



અંબાજી (બનાસકાંઠા)
ભાદરવા સુદ પૂનમ

ભવનાથનો મેળો



ગિરનાર (જૂનાગઢ)
મહા વદ 9 થી 12

તરણેતરનો મેળો



તરણેતર (સુરેન્દ્રનગર)
ભાદરવા સુદ 4 થી 6

ભડીયાદનો મેળો



ભડીયાદ (અમદાવાદ)
રજબ માસની તા. 9 થી 11

નકળંગનો મેળો



ભાવનગર
ભાદરવા વદ અમાસ

માધવપુરનો મેળો



માધવપુર (પોરબંદર)
ચૈત્ર સુદ 9 થી 13

વૌઠાનો મેળો



ધોળકા (અમદાવાદ)
કારતક સુદ પૂનમ

મીરાદાતારનો મેળો



ઉનાવા (ઉંઝા)
રજબ માસની તા. 16 થી 22

ડાંગ દરબારનો મેળો




આહવા (ડાંગ)
ફાગણ સુદ પૂનમ

ગોળ ગધેડાનો મેળો



ગરબાડા (દાહોદ)
હોળી પછીના 5મા કે 7મા દિવસે

કાર્તિકી પૂર્ણિમાનો મેળો



સોમનાથ (ગીર)
કારતક સુદ પૂનમ

ભાંગુરિયાનો મેળો



છોટા ઉદેપુર અને ક્વાંટ
હોળીથી રંગપાંચમ સુધી

15. ભારતના પ્રાકૃતિક વારસા અને સાંસ્કૃતિક વારસા વચ્ચેનો તફાવત જણાવો.

ભારતનો પ્રાકૃતિક વારસો	ભારતનો સાંસ્કૃતિક વારસો
• ભારતના પ્રાકૃતિક વારસામાં પર્વતો, નદીઓ અને ઝરણાં, નદીઓના ખીણપ્રદેશો, જંગલો, મેદાનો, રણો, સાગરો, દરિયાકિનારા, ઋતુઓ, વૃક્ષો અને વનસ્પતિ, જીવજંતુઓ, પશુ-પક્ષીઓ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.	• ભારતના સાંસ્કૃતિક વારસામાં રાજમહેલો, ઇમારતો, શિલાલેખો, સ્તૂપો, ચૈત્યો, વિહારો, મંદિરો, મસ્જિદો, મકબરા, ગુંબજો, કિલ્લાઓ, દરવાજાઓ, પૌરાણિક અને ઉત્ખનન કરેલાં સ્થળો, જળાશયો, આપણા સ્વાતંત્ર્યસંગ્રામ સહિતનાં ઐતિહાસિક સ્થળો અને સ્મારકો વગેરેનો સમાવેશ થાય છે.
• પ્રાકૃતિક વારસો પ્રકૃતિએ સર્જેલો છે.	• સાંસ્કૃતિક વારસો માનવસર્જિત છે.
• તે પ્રકૃતિ તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે.	• તે પૂર્વજો તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે.
• તેણે સાંસ્કૃતિક વારસાના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.	• તેનો વિકાસ ઐતિહાસિક યુગોની સાથે થયેલો છે.

16. આપણો સાંસ્કૃતિક વારસો અને પ્રાકૃતિક વારસો પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે એમ શાથી કહી શકાય ?

- નદીઓ, પર્વતો, વૃક્ષો, પ્રાણીઓ તેમજ જળ, વાયુ, અગ્નિ અને આકાશ જેવી પ્રકૃતિની શક્તિઓને ભારતીય સંસ્કૃતિએ દૈવી રૂપ આપ્યું છે.
- નદીઓને આપણે 'લોકમાતા' તરીકે પવિત્ર ગણીને પૂજીએ છીએ.
- પીપળો, વડ અને તુલસીને પવિત્ર ગણીને તેમને ધાર્મિક મહત્વ આપ્યું છે.
- કેટલાંક પશુ-પંખીઓને દેવી-દેવતાઓનાં વાહનો તરીકે સ્વીકાર્યા છે.
- કેટલાક શાસ્ત્રીય રાગો દિવસના જુદા જુદા પ્રહરો પર આધારિત છે.
- આયુર્વેદ, યુનાની ચિકિત્સા પદ્ધતિ અને નેચરોપથી સંપૂર્ણપણે પ્રકૃતિ પર જ આધારિત છે.









17. પ્રાચીન પ્રજા તરીકે નેગ્રીટો (હબસી પ્રજા)નો પરિચય આપો.

- નેગ્રીટો અથવા નીગ્રો જાતિ (હબસીઓ) ભારતના સૌથી પ્રાચીન નિવાસીઓ છે.
- કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે નેગ્રીટો અથવા નીગ્રો (હબસીઓ) આફ્રિકામાંથી બલુચિસ્તાનના રસ્તે થઇ ભારતમાં આવેલા.
- તેઓ વર્ણે શ્યામ, 4 થી 5 ફૂટ ઊંચા અને માથે વાંકડિયા વાળ ધરાવતા હતા.




18. દ્રવિડ સંસ્કૃતિની વિગતો આપો.

- દ્રવિડ મૂળ ભારતના હતા.
- તેઓ સિંધુખીણની સંસ્કૃતિના સર્જકો અને પાષાણ યુગની સંસ્કૃતિના સીધા વારસદાર મનાય છે.
- તેઓએ માતારૂપે દેવી એટલે પાર્વતી અને પિતૃરૂપે પરમાત્મા એટલે શિવની પૂજાની સમજ આપી.
- પ્રકૃતિ પૂજા, પ્રાણીઓની પૂજા તેમજ ધૂપ, દીપ અને આરતી વડે પૂજા કરવાની રીત પણ તેમણે વિકસાવી હતી.
- તેઓ માતૃમૂલક(માતૃપ્રધાન) કુટુંબપ્રથા ધરાવતા હતા.
- તેઓને આકાશી ગ્રહો, હોડી, તરાપા, કાંતવું, વણવું, રંગવુ વગેરેની જાણકારી હતી.
- ઉત્તર ભારતમાં આર્યોના આગમન પછી દ્રવિડો દક્ષિણ ભારતમાં સ્થાયી થયા.
- દ્રવિડકુળની તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ વગેરે ભાષાઓ બોલતા લોકો (દ્રવિડો) દક્ષિણ ભારતમાં જોવા મળે છે.






19. પ્રાચીન પ્રજા તરીકે મોંગોલોઈડ (કિરાત પ્રજા)નો પરિચય આપો.



- આ પ્રજા ઉત્તર પશ્ચિમ ચીનમાંથી તિબેટમાં થઇ ભારતમાં આવી. તેમણે ઉત્તર આસામ, સિક્કિમ, ભૂતાન, પૂર્વબંગાળ વગેરેમાં વસવાટ કર્યો. સમય જતાં તેમનું 'ભારતીયકરણ' થયું.
- પીળો વર્ણ, ચપટો ચહેરો, ઉપસેલા ગાલ, બદામ આકારની આંખો, ચપટું નાક વગેરે તેમની શારીરિક વિશેષતાઓ હતી.
- મોંગોલોઇડ લોકો પીળા વર્ણના હોવાથી તે 'કિરાત' તરીકે ઓળખાતા.

20. પ્રાચીન પ્રજા તરીકે ઑસ્ટ્રેલોઈડ (નિષાદ પ્રજા)નો પરિચય આપો.



- આ પ્રજા અગ્નિ એશિયામાંથી આવેલી હતી.
- શ્યામ રંગ, લાંબુ અને પહોળુ માથુ, ટૂંકુ કદ, ચપટું નાક તેમની શારીરિક વિશેષતાઓ હતી.
- ભારતમાં આવેલા આર્યો તેને 'નિષાદ' કહેતા હતા.
- ભારતની કોલ અને મુંડા જાતિમાં, અસમની ખાસી પ્રજામાં, નિકોબાર અને બહ્મદેશ (હાલનું મ્યાનમાર)ની જાતિઓમાં આ પ્રજાના મોટા લક્ષણો જોવા મળે છે.
- માટીના વાસણો બનાવવા, ખેતીકામ કરવું, સુતરાઉ કાપડનું વણાટકામ કરવું વગેરે કૌશલ્યો તેમજ કેટલીક ધાર્મિક માન્યતાઓ તેઓ ધરાવતા હતા.

21. પ્રાચીન પ્રજા તરીકે આર્યો (નોર્ડિક પ્રજા)નો પરિચય આપો.





- તેઓ આર્ય સંસ્કૃતિ અને સભ્યતાના નિર્માતાઓ હતા.
- પ્રાચીનકાળમાં હિંદુઓ આર્ય કહેવાતા.
- તેઓ અન્ય સમકાલીન પ્રજા કરતાં વધુ વિકસીત હતા.
- તેમણે ભારતની અન્ય પ્રજાની સંસ્કૃતિઓનાં ઉમદાં તત્ત્વો અપનાવીને એક સમન્વયકારી સંસ્કૃતિનું સર્જન કર્યું હતું.
- આર્યો પ્રકૃતિપ્રેમી હતા. તેઓ વૃક્ષો, નદીઓ, પર્વતો, સૂર્ય, વાયુ, વરસાદ વગેરેની પૂજા-આરાધના કરતા હતા.
- તેમણે પ્રકૃતિના તત્ત્વોની સ્તુતિઓ રચી હતી. સમય જતાં તેમાંથી યજ્ઞયાગાદિ ધાર્મિક ક્રિયાઓ ભારતમાં શરૂ થઇ હતી.
- આર્યોની મુખ્ય વસ્તીવાળા પ્રદેશને 'આર્યવર્ત' નામ અપાયું હતું.
- આર્યો શરૂઆતમાં વાયવ્ય ભારતમાં રહેતા હતા. ત્યાં સાત મોટી નદીઓ વહેતી હતી, તેથી તે પ્રદેશને 'સપ્તસિંધુ' નામ આપવામાં આવ્યું.
- આર્ય રાજા ભરત કે ભરત જાતિના નામ પરથી આપણો દેશ ભરતભૂમિ, ભરતખંડ, ભારતવર્ષ કે ભારત જેવા નામોથી ઓળખાવા લાગ્યો.

20. પ્રાચીન પ્રજા તરીકે અલ્પાઈન, ડિનારિક અને આર્મેનોઈડ પ્રજાનો પરિચય આપો.



- આ પ્રજા મધ્ય એશિયામાંથી ભારતમાં આવી હતી.
- આ ત્રણેય જાતિઓ સમાન શારીરિક લક્ષણો ધરાવતી હતી. આ પ્રજાના અંશો ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, બંગાળ, ઓરિસ્સા વગેરે પ્રદેશોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

22. પ્રાચીન ભારતમાં આવેલી પ્રજાનું ભારતીયકરણ કેવી રીતે થયું તે વર્ણવો.

- ભારતમાં આવેલી વિવિધ પ્રજાઓની સંસ્કૃતિના વિશિષ્ટ તત્ત્વો અપનાવી લઇને એક સમન્વય સંસ્કૃતિનું સર્જન થયું.
- સમયાંતરે ભારતમાં આવીને વસેલી આ બધી જાતિઓ વચ્ચે લગ્ન સંબંધો દ્વારા પ્રજાઓનું સંમિશ્રણ થતુ ગયું.
- બધાની એક વિશિષ્ટ રહેણી-કરણી, અનેક ભાષાઓ, વિચારો, ધાર્મિક માન્યતાઓ પણ સમન્વય થતો ગયો.
- આમ, પ્રારંભકાળથી જ આપણા દેશમાં એક સમન્વયકારી સંસ્કૃતિનું નિર્માણ થતું રહ્યું.
- જેણે ભારતને ભવ્ય અને સમૃદ્ધ વારસો આપ્યો. ભારતમાં ભાતીગળ સંસ્કૃતિનો વિકાસ થયો.
- આ પ્રજાઓ પરસ્પર એટલી ભળી ગઇ કે તેમનું કોઇ સ્વતંત્ર અસ્તિત્વ જ ન રહ્યું એટલે કે તેમનું ભારતીયકરણ થયું.

23. ભારતીય વારસાનાં જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો.

- આપણા બંધારણના અનુચ્છેદ 51 (ક)માં ભારતના નાગરિકની મૂળભૂત ફરજો દર્શાવી છે. તેમાં (છ), (જ) અને (ટ) એટલે કે (6), (7) અને (9)માં ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાના જતન માટે નીચેની ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

  - આપણી સમન્વય પામેલી સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજીને તેની જાળવણી કરવી.
  - દેશના જંગલો, તળાવો, નદીઓ, સરોવરો તેમજ વન્ય પશુ-પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન અને સંવર્ધન કરવું. બધા જીવો પ્રત્યે દયા દાખવવી.
  - દેશની જાહેર મિલકતોનું રક્ષણ કરવું.
  - હિંસાનો ત્યાગ કરવો.
  - આપણા સાંસ્કૃતિક વારસાના પ્રતીક સમાં પ્રાચીન સ્મારકો તથા ઐતિહાસિક અને ધાર્મિક મૂલ્ય અને મહત્વ ધરાવતાં સ્થળોને કોઇ પણ પ્રકારનું નુકસાન ન પહોંચાડવું અને તેમનું જતન કરવું એ આપણા સૌની ફરજ છે.
  - ભારતનાં પ્રકૃતિનિર્મિત રમ્ય ભૂમિદશ્યોની શુદ્ધતા, પવિત્રતા અને સુંદરતાની જાળવણી કરવી એ આપણા સૌની નૈતિક ફરજ છે.

